# To examine the Effect of Language Creativity test on Government and Non Government School's Students of Standard VII

AJAY M. NAYI
Ph. D. Research Scholar,
Dept. of Education,Ganpat University, Kherva

**૧. પ્રસ્તાવના**

સંશોધક ભાષા શિક્ષક હોવાથી અનુભવને આધારે સહજ વિચાર સ્ફૂરે કે વર્તમાન શિક્ષણ પ્રણાલીમાં વિદ્યાર્થીઓના લખાણમાં ગોખણપટ્ટી, બીબાંઢાળ વર્ણનો અને પરંપરાગત ચીલાચાલુ લખાણ જ મહદ્ અંશે કેમ જોવા મળે છે ? ભાષાકીય લેખન અભિવ્યક્તિમાં મૌલિકતાની ઉણપ કેમ વર્તાય છે ? ભાષા તો ખળખળ વહેતા નિર્મળ ઝરણા જેવી છે. એમાં સતત પ્રવાહિતા, મૌલિકતા, કલ્પનાશીલતા, ચિંતન પ્રેરકતા, નાવિન્યતા અને રચનાત્મક અભિગમ આવશ્યક છે. આમ, છતાંય વિદ્યાર્થીઓના લેખન કાર્યમાં શિક્ષકની વર્ગનોંધ, માર્ગદર્શિકા કે નિબંધમાળામાં આપેલ લખાણનો જ યંત્રવત ઉતારો જોવા મળે છે.. શિક્ષણ પ્રક્રિયામાં બાળકની સર્જનાત્મકતાને પ્રાથમિક કક્ષાથી જ સભાનપણે વિકસાવવામાં આવે તો કેટલાક પરિબળોને કારણે કુંઠિત થતી રોકી શકાય, શિક્ષણને એક નૂતન દૃષ્ટિ મળે અને ભવિષ્યમાં એનાં મીઠાં ફળ ચાખી શકાય. એવું સંશોધક દઢપણે માને છે. આ માટે પ્રશ્ન સહજ ઉપસ્થિત થયો કે પ્રાથમિક કક્ષાએ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતાનું માપન કઈ રીતે કરવું ? પ્રાથમિક શાળા કક્ષાએ ગુજરાતી ભાષાની લેખિત સર્જનાત્મકતા માપન માટે કોઈ કસોટી અસ્તિત્વમાં નથી. વળી ગુજરાતમાં આ ક્ષેત્રે ખૂબ જ જૂજ કામ થયું છે. આથી આ બાબતને દૃષ્ટિબિંદુમાં રાખી સંશોધકે પ્રાથમિક શાળાના ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીની રચના કરી તેનું પ્રમાણીકરણ કરવાનો સંનિષ્ઠ નમ્ર પ્રયાસ કર્યો છે.

**૨. અભ્યાસના હેતુઓ**

૧. ધોરણ-૭ના વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીની રચના કરવી.
૨. ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટી પરના ધોરણ-૭ના વિદ્યાર્થીઓના પ્રાપ્તાંકો પર શાળાના પ્રકારની અસરનો અભ્યાસ કરવો.

**૩. પદોની વ્યવહારિક વ્યાખ્યાઓ**

**૩.૧ સર્જનાત્મક**

સર્જનાત્મક અર્થાત્ સર્જનશક્તિ. પરંપરાગત કે રૂઢિગત વિચારસરણીથી જુદા પાડવાની, કંઈક નવું ઉત્પન્ન કરવાની, સર્જન કરવાની, નવતર સંબંધો જોવાની, સમસ્યાઓના અવનવા ઉકેલ શોધવાની તથા સ્વતંત્રપણે મૌલિક વિચારોને અભિવ્યક્ત કરવાની શક્તિ.

*૩.૨ ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટી*

*૩.૨.૧ સૈદ્ધાંતિક વ્યાખ્યા*

ગુજરાતી ભાષામાં સર્જનાત્મક વિચાર અભિવ્યક્ત કરવાનીશક્તિનું માપન કરતી કસોટી.

*૩.૨.૨ વ્યવહારુ વ્યાખ્યા*

ગુજરાતી ભાષામાં સ્વતંત્રપણે મુક્ત મને મૌલિક વિચારોની અભિવ્યક્તિનું માપન કરતી કસોટી.
પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે ગુજરાતી ભાષાની સર્જનાત્મક શક્તિ માપવા માટે ગિલ્ફર્ડે (૧૯૬૯) સૂચવેલા સર્જનાત્મકતા માપનના ચાર ઘટક આધારિત પાંચ વિભાગોવાળી કસોટી રચી.

### ૪. સંશોધનની ઉત્કલ્પનાઓ

**$Ho_1$:** ધોરણ-૭ના સરકારી શાળાના કુલ વિદ્યાર્થીઓ અને ખાનગી શાળાના કુલ વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_2$:** ધોરણ-૭ના સરકારી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાના છોકરાઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_3$:** ધોરણ-૭ની સરકારી શાળાની છોકરીઓ અને ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_4$:** ધોરણ-૭ના સરકારી શાળાના છોકરાઓ અને સરકારી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

**$Ho_5$:** ધોરણ-૭ના ખાનગી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

### ૫. નિદર્શ

વ્યાપવિશ્વનું પ્રતિનિધિત્વ ધરાવતો નાનો સમૂહ એટલે નિદર્શ. પ્રસ્તુત અભ્યાસ માટે સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખા પદ્ધતિથી નમૂનો પસંદ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે ગાંધીનગર જિલ્લાને કલોલ, માણસા, દહેગામ અને ગાંધીનગર એમ ચાર તાલુકાઓમાં વિભાજિત કરી દરેક તાલુકાની ગ્રામ્ય વિસ્તારની ૦૨ શાળાઓ પૈકી ૦૧ સરકારી અને ૦૧ ખાનગી તેમજ શહેરી વિસ્તારની ૦૨ શાળાઓ પૈકી ૦૧ સરકારી અને ૦૧ ખાનગી શાળાની પસંદગી યાદચ્છિક રીતે કરવામાં આવી. આમ, તાલુકાવાર ૦૨ ગ્રામ્ય અને ૦૨ શહેરી વિસ્તારની ૦૪ શાળાઓ પ્રમાણે ચાર તાલુકાઓમાંથી કુલ ૧૬ શાળાઓની પસંદગી કરવામાં આવી. પસંદ થયેલ શાળાઓમાંથી ધોરણ-૭ના એક વર્ગની પસંદગી યાદચ્છિક લોટરી દ્વારા કરવામાં આવી અને આ રીતે પસંદ થયેલા વર્ગના તમામ વિદ્યાર્થીઓની ઝૂમખા પદ્ધતિ દ્વારા પસંદગી કરવામાં આવી. આમ, અંતિમ અજમાયશ માટે કુલ ૧૬ શાળાઓમાંથી ૯૨૬ વિદ્યાર્થીઓની પસંદગી સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખા નમૂના પસંદગી દ્વારા કરવામાં આવી.

**સારણી- 1**

**ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાઓમાંથી સ્તરીકૃત યાદચ્છિક ઝૂમખા પદ્ધતિથી પસંદ કરેલ નમૂનો**

| તાલુકો | શહેરી વિસ્તાર | | | | ગ્રામ્ય વિસ્તાર | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | શાળાની સંખ્યા | છોકરાઓ | છોકરીઓ | કુલ | શાળાની સંખ્યા | છોકરાઓ | છોકરીઓ | કુલ | |
| માણસા | 2 | 62 | 58 | 120 | 2 | 57 | 59 | 116 | 236 |
| કલોલ | 2 | 60 | 56 | 116 | 2 | 56 | 58 | 114 | 230 |
| દહેગામ | 2 | 60 | 55 | 115 | 2 | 56 | 58 | 114 | 229 |
| ગાંધીનગર | 2 | 60 | 56 | 116 | 2 | 56 | 59 | 115 | 231 |
| **કુલ** | **8** | **242** | **225** | **467** | **8** | **225** | **234** | **459** | **926** |

### ૬. સંશોધનની ક્ષેત્ર મર્યાદાઓ

પ્રસ્તુત સંશોધનમાં નીચે દર્શાવ્યા મુજબ મર્યાદાઓ સ્વીકારવામાં આવી છે.

૧. પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૨. પ્રસ્તુત સંશોધનમાં માત્ર ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૭ના વિદ્યાર્થીઓનો જ સમાવેશ કરવામાં આવ્યો છે.
૩. પ્રસ્તુત સંશોધન માટે રચિત સર્જનાત્મક કસોટીનું સ્વરૂપ શાબ્દિક છે. આ કસોટી દ્વારા સર્જનાત્મકતાનું માપન માત્ર લેખિત અભિવ્યક્તિ દ્વારા જ શક્ય છે.
૪. પ્રસ્તુત કસોટી વર્ષ ૨૦૦૭-૦૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉપર પ્રમાણિત થઈ છે તેથી પરિણામોનું અર્થઘટન કરતી વખતે આ વર્ષને નજરમાં રાખવું જરૂરી છે.

### ૭. માનાંકોનું પ્રસ્થાપન

સામાન્ય રીતે વ્યક્તિની સિદ્ધિ, શક્તિ, લક્ષણ કે આવડતની બાબતમાં મેળવેલા પ્રાપ્તાંકનું અર્થઘટન કરવા માટે તેને સંબંધિત કોઈ ચોક્કસ જૂથના પ્રાપ્તાંકોની સરાસરી સાથે સરખાવવામાં આવે છે. માનાંકો જે તે જૂથના પ્રાપ્તાંકોની મધ્યવર્તી સ્થિતિ દ્વારા વ્યક્ત કરવામાં આવે છે.

વ્યક્તિએ મેળવેલ પ્રાપ્તાંક મધ્યવર્તી માપથી કેટલા પ્રમાણમાં ધન કે ઋણ તરફ નજીક કે દૂર રહેલો છે તે જાણવા માટે વિચલનના માપ તરીકે પ્રમાણ વિચલનનો ઉપયોગ કરવામાં આવે છે. આમ, નિદર્શની સરાસરી, મધ્યસ્થ, પ્રમાણ વિચલન, પાદસ્થ વિચલન, એક પાદસ્થ કે ત્રિપાદસ્થના માપો વ્યક્તિએ મેળવેલા કાચા પ્રાપ્તાંકના અર્થઘટન તરીકે વાપરી શકાતાં હોઈ તેને મધ્યવર્તી માનાંકો કે સરેરાશ આંક પણ કહે છે.
ફ્રેડરીક જી. બ્રાઉન (૧૯૭૦) માનાંકની વ્યાખ્યા આપતાં જણાવે છે કે- “A set of scores that represent the distribution of test performance in particular norm group and used as a basis for the interpretation of individual scores”

આ ઉપરાંત સરખામણી માટે અન્ય સાપેક્ષ પ્રાપ્તાંકો પણ તૈયાર કરવામાં આવે છે. કાચા પ્રાપ્તાંકોને તુલનાક્ષમ બનાવવા રૂપાંતરીત કરવામાં આવે છે. જેવા કે શતમાન પ્રાપ્તાંકો, પ્રમાણભૂત પ્રાપ્તાંકો તથા સમધારિત પ્રાપ્તાંકો આ સાપેક્ષ પ્રાપ્તાંકો પણ માનાંક કહેવાય છે. આવા માનાંકો સમગ્ર નિદર્શના સંદર્ભમાં સ્થાપવામાં આવે છે. અભ્યાસ અંતર્ગત જે વ્યક્તિની પોતાની જાતિ, રહેણાંક વિસ્તાર, ઉંમર, અભ્યાસની શ્રેણી કે કોઈ વિશિષ્ટ લક્ષણનો કારણે કોઈ વિશેષ જૂથોનો સભ્ય હોઈ શકે. જો આવા કોઈ વિશેષ જૂથના આંતર ઘટકોના સરાસરી પ્રાપ્તાંકો અર્થસૂચક તફાવત ધરાવતા હોય તો વિશેષ જૂથોના સંદર્ભમાં માનાંકો પ્રસ્થાપિત કરવામાં આવે છે. આમ, માનાંકોએ કોઈપણ વ્યક્તિના કાર્યને આખા જૂથના કાર્ય સાથે સરખાવવા માટે તૈયાર થતો માનદંડ છે.

### ૮. સંશોધનનાં તારણો

૧. ધોરણ-૭ના સરકારી શાળાના કુલ વિદ્યાર્થીઓ અને ખાનગી શાળાના કુલ વિદ્યાર્થીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર શાળા પ્રકારની મુખ્ય અસર સાર્થક જોવા મળી. એટલે કે ખાનગી શાળાના વિદ્યાર્થીઓ કરતાં સરકારી શાળાના વિદ્યાર્થીઓની ગુજરાતી ભાષાની સર્જનાત્મકતા (૩.૭૯) ઊંચી જોવા મળી.
૨. ધોરણ-૭ના સરકારી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાના છોકરાઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી. એટલે કે ખાનગી શાળાના છોકરાઓ કરતાં સરકારી શાળાના છોકરાઓની ગુજરાતી ભાષાની સર્જનાત્મકતા (૨.૧૮) ઊંચી જોવા મળી.
૩. ધોરણ-૭ની સરકારી શાળાની છોકરીઓ અને ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી. એટલે કે ખાનગી શાળાની છોકરીઓ કરતાં સરકારી શાળાની છોકરીઓની ગુજરાતી ભાષાની સર્જનાત્મકતા (૨.૬૮) ઊંચી જોવા મળી.
૪. ધોરણ-૭ના સરકારી શાળાના છોકરાઓ અને સરકારી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી નથી. એટલે કે ગુજરાતી ભાષાની સર્જનાત્મકતાની બાબતમાં સરકારી શાળાના છોકરાઓ અને છોકરીઓ સમાન (૦.૫૬) જોવા મળે છે.

૫. ધોરણ-૭ના ખાનગી શાળાના છોકરાઓ અને ખાનગી શાળાની છોકરીઓના ગુજરાતી ભાષાની સર્જનાત્મક કસોટીના પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળી નથી. એટલે કે ગુજરાતી ભાષાની સર્જનાત્મકતાની બાબતમાં ખાનગી શાળાના છોકરાઓ અને છોકરીઓ સમાન (૦.૫૯) જોવા મળે છે.

૯. શૈક્ષણિક ફલિતાર્થ

વાલી સમુદાયે પોતાના બાળકો ભાષા ક્ષેત્રે રસ, રુચિ કેળવે અને તેમનીસર્જનાત્મક અભિવ્યક્તિ વિકસે તે માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવું જોઈએ.શાળા પ્રકારની ગુજરાતી ભાષાની સર્જનાત્મક શક્તિ પર થતી અસરના સંદર્ભમાં સરકારી શાળાના વિદ્યાર્થીઓ કરતાં ખાનગી શાળાના વિદ્યાર્થીઓ ઓછી સર્જનાત્મક શક્તિ ધરાવતા હતા. ખાનગી શાળામાં સરકારી શાળા જેવા વાતાવરણનું નિર્માણ થવું જોઈએ.

સંદર્ભ પુસ્તકો

૧. ઉચાટ, ડી. એ. (૧૯૯૭). સંશોધન દરખાસ્તની રચના, સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારુ આધારો, રાજકોટ : પારસ પ્રકાશન.
૨. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, મનોવિજ્ઞાન, ધોરણ-૧૨ (૨૦૦૫), પ્રથમ આવૃત્તિ, 'વિદ્યાયન', સેક્ટર-૧૦-છ, ગાંધીનગર.
૩. દરજી, ડી. જી. (૧૯૯૭). શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન પ્રવિધિઓ, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,
૪. દેસાઈ, કે. જી. (૧૯૭૩). શૈક્ષણિક મનોવિજ્ઞાન, અમદાવાદઃ જયભારત પ્રકાશન.
૫. દેસાઈ, કે. જી. અને એચ. જી. દેસાઈ, (૧૯૮૯). મનોવૈજ્ઞાનિક માપન, અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૬. દેસાઈ, એચ. જી. અને એમ. ડી. ત્રિવેદી (૧૯૮૨). શૈક્ષણિક સંશોધનની રૂપરેખ, રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૭. દેસાઈ, હરિભાઈ જી. અને કૃષ્ણકાંત જી. દેસાઈ. (૧૯૮૯). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.
૮. પટેલ, આર. એસ. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓ, અમદાવાદ : જય પબ્લિકેશન.
૯. પટેલ, મોતીભાઈ મ. (૧૯૮૫). વિચાર અભિવ્યક્તિનું શિક્ષણ, અમદાવાદઃ પાર્શ્વ ટ્રેડર્સ, પ્રકાશ હાઈસ્કૂલ કંપાઉન્ડ.
૧૦. બાયતી, જમનાદાસ (૧૯૮૦). સર્જનાત્મક કે લિયે શિક્ષા, આગ્રાઃ વિનોદ પુસ્તક મંદિર.
૧૧. ભટ્ટ, દિલીપ સુપ્રભાતમ્ કોલમ, સંદેશ સમાચારપત્ર, અમદાવાદ આવૃત્તિ, ૨૪-૨-૨૦૦૨.
૧૨. ભોગાયતા, ચંદ્રકાન્ત (૧૯૯૬-૯૭). સર્જનાત્મક શિક્ષણ, ભાવનગરઃ શ્રી ગુ.હ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય.
૧૩. વાળંદ, જે. બી. અને જે. સી. બ્રહ્મભટ્ટ. (૧૯૮૫). માતૃભાષામાં સર્જનાત્મક અભિવ્યક્તિ, શ્રી બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાઃ દ્વિતીય આવૃત્તિ.